અનુસુચિત જનજાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ ટ્રેનીગ માટે લોન રૂા.૧૫.૦૦ લાખથી વધારી રૂા.૨૦.૦૦ લાખ કરવા બાબત....

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
યાદી ક્રમાંક :અજક/૧૧૨૦૧૧/ન.બા-૯/ઘ
સચિવાલય, ગાંધીનગર
<u>તારીખ : ૦૬/૦૪/૨૦૧૨</u>

વંચાણે લીધા :-

- આદિજાતિ વિકાસ વિભાગના તા:૧/૭/૧૯૯૨ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી/ ૧૦૯૧/૭૯૯/૮૦૦/ઘ,
- આદિજાતિ વિકાસ વિભાગના તા:૩૧/૩/૯૮ ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૯૭/૧૭૬/ઘ,
- આદિજાતિ વિકાસ વિભાગના તા:૧૫/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી/ ૨૦૦૮/ન.બા.-૧૪/ઘ,
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૫/૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ અજક/૧૦૨૦૦૮/ન.બા.૨૭/ગ,
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ,ગાંધીનગરના તા:૯/૧૧/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃઆવિ/તાસ/એનજીઓ-૩૩૦૭

ઠરાવ :-

આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ ટ્રેનીંગ જેવા ખર્ચાળ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો/ તાલીમ યોજના હેઠળ વંચાણે લીધા ક્રમાંકઃ(૧) (૨)(૩)થી યોજના અમલમાં મૂકી તાલીમાર્થીઓને રાજય સરકાર ધ્વારા હાલ રૂા.૧૫.૦૦ સુધીની લોન ૪ ટકા વ્યાજના દરે આપવામાં આવે છે પરંતુ તાલીમનો ખર્ચ દિન પ્રતિદિન વધવા પામતો હોઇ તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા અનુસુચિત જાતિના લાભાર્થીઓને વંચાણે લીધા ક્રમાંક(૪) ના ઠરાવથી લોન ની મર્યાદા રૂા.૧૫.૦૦ લાખથી વધારી રૂા.૨૦.૦૦ લાખ કરેલ હોઇ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાની યોજનામાં સમાનતા જળવાય રહે તે હેતુસર કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ,ગાંધીનગરે આ યોજના હેઠળ આપવામાં આવતી લોનની રકમ રૂા.૧૫.૦૦ લાખથી વધારીને રૂા.૨૦.૦૦ લાખ કરવાની રૂા.૮૦.૦૦લાખની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક(૫) થી કરેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ માટેની સદરહું નવી બાબતને વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧/ આ યોજના અંતર્ગત હવે તાલીમાર્થીઓને રાજય સરકાર ધ્વારા રૂા.૨૦.૦૦ લાખ (રૂપિયા વીસ લાખ પુરા) સુધીની લોન વાર્ષિક રૂા.૪ ટકાના વ્યાજના દરે મંજૂર કરવામાં આવશે.

૨/ લાભાર્થીને લોન ચૂકવણી થયાની તારીખથી એકવર્ષ પછી લોનની વસૂલાત ૧૦ વર્ષમાં મુદ્દલ અને ૨ વર્ષમાં વ્યાજ એમ ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઇ કરવાની રહેશે.સુધારેલ જોગવાઇ મુજબનો ખર્ચ તા:૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ આ હેતુ માટે કરવામાં આવેલ વર્ષ ૨૦૧૨ -૧૩ ના અંદાજપત્રીય જોગવાઇમાંથી નાણાં વિભાગ ધ્વારા છૂટી કરવામાં આવતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૪]	આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન રહેશે.

૫]	યોજનાના ઠરાવની મૂળ શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

૬]	આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૬મુખ્ય સદર ૬૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર -૦૨- અનુ. આદિજાતિઓનું કલ્યાણ ગૌણસદર ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર -૦૨- બીસીકે ૧૨૫ વાણિજ્ય અને તાલીમ પાયલોટ માટે આદિજાતિ વિધાર્થીઓને નાણાંકીય સહાયના સદર હેઠળ ઉધારવો અને ચાલુ વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૭]	આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૨૭/૩/૨૦૧૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયંતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
મહામહિમ રાજ્યપાલશ્રી, રાજ ભવન ,ગાંધીનગર

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
  કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- ~~કોમર્શીયલ પાઈલોટ~~ કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ,આ.વિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર./ અમદાવાદ
- નાણાસલાહકારશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
- સિલેકટ ફાઇલ.